ગુજરાત સમાચાર, પાના નંબર :- ૦૬

તારીખ :- 30/૧૦/૨૦૨૬

અમદાવાદ મેટ્રોના વિસ્તરણ માટે પ્રાથમિક કામગીરી શરૂ

મેટ્રો રેલ ફેઝ-૩ના સાતેય રૂટ પરથી માટીના નમૂના લેવાયા

અમદાવાદ, ગુરુવાર

અમદાવાદમાં મેટ્રોના વિસ્તરણ માટે સાત નવા રૂટ પર પ્રાથમિક કામગીરી શરૂ કરવામાં આવી છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા દર ૫૦થી ૧૦૦ મીટરના અંતરે માટીના નમૂના લઈ તેની ચકાસણી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત જરૂરી સ્થળોએ જમીન સંપાદન અને વીજળી સહિતની અન્ય સુવિધાઓના સ્થળાંતરની કામગીરી પણ હાથ ધરાઈ છે.

દર ૫૦થી ૧૦૦ મીટરે માટીના નમૂના લઈ જમીનની મજબૂતાઈ અને ભાર સહન કરવાની ક્ષમતા તપાસાશે

અમદોવાદમાં મેટ્રો ફેઝ-૩ અંતર્ગત ૫૮.૫૨ કિમી અંતરમાં ૪૩ સ્ટેશન સાથેના સાત નવા રૂટ બનાવવા ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા તાજેતરમાં ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. ત્યારબાદ હાલ જીએમઆરસીએ અમદાવાદ મેટ્રો વિસ્તરણ માટેની પ્રાથમિક કામગીરી શરૂ કરી છે. જે અંતર્ગત આ સાતેય રૂટ પર જમીનની મજબૂતાઈ અને થાંભલાનો ભાર સહન કરવાની ક્ષમતા જાણી શકાય તે માટે દર ૫૦થી ૧૦ મીટરના અંતરે માટીના નમૂના લઈ તેની ચકાસણી કરવામાં આવી રહી છે. આ ચકાસણીના આધારે એલિવેટેડ મેટ્રો માર્ગના બાંધકામનું આગળ આયોજન કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનિય છેકે, મેટ્રો ફેઝ-૩ અંતર્ગત નારણપુરા-નહેરુનગર, નારણપુરા-અરિહંતનગર, દુધેશ્વર-વાડજ, વિશાલનગર વેસ્ટ- બાપુનગર નોર્થ, એપીએમસી- ફેઝલનગર, શિલજ સર્કલ-બદરાબાદ અને થલતેજ ગામ- ગોધાવી વચ્ચે રૂટ પર મેટ્રો શરૂ કરવા ટેન્ડર બહાર પડાયાં છે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બાંધકામની કામગીરી જેતે કોન્ટ્રાક્ટરને સોંપવામાં આવશે. એટલેકે, આ રૂટ શરૂ થવામાં શહેરીજનોને હજુ વર્ષો સુધી રાહ જોવી પડશે.